NW London know diabetes


**<u>ઈન્સ્યુલિન વિશેની માહિતી-</u>**

અહીં તમને વિવિધ પ્રકારનાં ઈન્સ્યુલિન પર માહિતી મળશે (નીચે આલેખો ઈન્સ્યુલિનની ક્રિયા વિરુદ્ધ ઈન્જેક્શન લીધાને વીતેલા કલાકો બતાવે છે).

## ઝડપથી કામ કરતું ઈન્સ્યુલિન

### દ્રાવ્ય ઈન્સ્યુલિન


ઍક્ટરૅપિડ
હ્યુમ્યુલિન એસ
હાઈપ્યુરિન પોર્સાઈન ન્યુટ્રલ
ઈન્સ્યુમૅન રૅપિડ




એક વખત ઈન્જેક્શન લીધા બાદ તે ઝડપથી રક્તપ્રવાહમાં શોષાય છે અને 30 મિનિટની અંદર કામ શરૂ કરે છે, ઈન્જેક્શન બાદ 2થી 4 કલાકની વચ્ચે મહત્તમ કાર્યક્ષમતા પ્રાપ્ત કરે છે અને 8 કલાક સુધી ચાલે છે. સામાન્ય રીતે મુખ્ય ભોજન પહેલાં 20થી 30 મિનિટ અગાઉ ઈન્જેક્ટ કરવામાં આવે છે.

### ઝડપથી કામ કરતું ઍનાલૉગ ઈન્સ્યુલિન

હ્યુમાલૉગ
નોવોરૅપિડ
ઍપિડ્રા





દ્રાવ્ય ઈન્સ્યુલિનને બદલે વપરાતા ઝડપથી કામ કરતાં ઍનાલૉગ ઈન્સ્યુલિનને ભોજન પૂર્વે આદર્શ રીતે 10થી 15 મિનિટ પૂર્વે ઈન્જેક્શનથી લેવું જોઈએ, જોકે, કેટલાક લોકો ખોરાક સાથે કે તે લીધા બાદ ઈન્જેક્શન લેવાનું પસંદ કરે છે.  ઈન્જેક્શન લીધાની 15 મિનિટની અંદર તે કામ કરવાની શરૂઆત કરે છે, 50થી 90 મિનિટમાં મહત્તમ કાર્યક્ષમતા પ્રાપ્ત કરે છે અને ઈન્સ્યુલિનના ડોઝના આધારે 2થી 5 કલાક માટે લોહીમાં ગ્લુકોઝ પર અસર કરવાનું ચાલુ રાખી શકે છે.

## બૅકગ્રાઉન્ડ ઈન્સ્યુલિન

**આઈસોફેન ઈન્સ્યુલિન**


- ઈન્સ્યુલૅટાર્ડ
- હ્યુમ્યુલિન I
- હાઈપ્યુરિન પોર્સાઈન આઈસોફેન
- ઈન્સ્યુમૅન બેસલ





આઈસોફેન ઈન્સ્યુલિનો દેખાવમાં ધૂંધળાં લાગે છે અને ઈન્જેક્શન પૂર્વે બરાબર મિશ્ર કરવા પડે છે. મોટેભાગે આ ઈન્સ્યુલિન સવારે અને ત્યારબાદ રાત્રે સૂતી વખતે એમ દિવસમાં બે વખત લેવામાં આવે છે. જોકે, ક્યારેક દિવસમાં એક વખત પણ લેવામાં આવે છે. ઈન્જેક્શન લીધા બાદ તે 2 કલાક બાદ કામ કરવું શરૂ કરે છે, 4થી 6 કલાક બાદ મહત્તમ કાર્યક્ષમતા પ્રાપ્ત કરે છે અને 8થી 14 કલાક સુધી તેની અસર રહે છે.

**લાંબો સમય કામ કરતાં ઍનાલૉગ**

- લેવેમિર ( દિવસમાં એક વખત કે બે વખત લઈ શકાય છે )




- લૅન્ટસ (સામાન્ય રીતે દિવસમાં એક વખત, પરંતુ ક્યારેય દિવસમાં બે વખત)




લાંબો સમય કામ કરતાં ઍનાલૉગ્ઝ રંગે સ્પષ્ટ હોય છે, આઈસોફ્રેનને બદલે તેમનો ઉપયોગ થઈ શકે છે અને વધારે લાંબો સમય ચાલે છે, ઇન્જેક્શન બાદ 2 કલાક બાદ કામ કરવાની શરૂઆત કરે છે અને 18થી 24 કલાક સુધી તેની અસર રહે છે.

## મિશ્ર ઇન્સ્યુલિન

ઝડપથી કામ કરતાં અને લાંબો સમય કામ કરતાં ઇન્સ્યુલિનનું વિવિધ શક્તિઓનું મિશ્રણ.

### મિશ્ર માનવ ઇન્સ્યુલિન

- હ્યુમ્યુલિન M3
- ઇન્સ્યુમૅન કૉમ્બ 15
- ઇન્સ્યુમૅન કૉમ્બ 25
- ઇન્સ્યુમૅન કૉમ્બ 50


સામાન્ય રીતે રોજ દિવસમાં બે વખત લેવામાં આવે છે, નાસ્તા પહેલાં અને સાંજના ભોજન પહેલાં આશરે 30 મિનિટ પહેલાં.

### મિશ્ર ઍનાલૉગ

- નોવોમિક્સ 30
- હ્યુમાલૉગ મિક્સ 50 (જો તમારી ડાયબીટિસની ટીમ દ્વારા ભલામણ કરવામાં આવી હોય તો તેને સવારના નાસ્તા, બપોરના ભોજન અને સાંજના ભોજન વખતે એમ 3 વખત પણ લઈ શકાય છે)
- હ્યુમાલૉગ મિક્સ 25

| ન્સ્યુલિન | પ્રારંભ | ટોચ પર | અવધિ |
|---|---|---|---|
| ફ્એસ્પ (નોવોરેપિડ)- ઇન્સ્યુલિન એસ્પાર્ટનું ઝડપથી કામ કરતું ત્રાણ | 4 મિનિટ | 1થી 3 કલાક | 3થી 5 કલાક |
| ોવોરેપિડ, હ્યુમાલૉગ ઍપિડ્રા 100 યુનિટ્સ/મિ | 5થી 15 મિનિટ | 50થી 90 મિનિટ | 2થી 5 કલાક |
| ક્ટરેપિડ, હ્યુમ્યુલિન S, હાઇપ્યુરિન ન્યુટ્રલ | 30 મિનિટ | 2થી 4 કલાક | 8 કલાક સુધી |
| ન્સ્યુલેટાર્ડ, હ્યુમ્યુલિન I, હાઇપ્યુરિન આઇસોફેન 100 નિટ્સ/મિલિ | 2 કલાક | 4થી 6 કલાક | 8થી 14 કલાક |
| વેમિર 100 યુનિટ્સ/મિલિ (ઇન્સ્યુલિન ડેટેમિર) | 2 કલાક | કોઈ સ્પષ્ટ શિખર નહિ | 18 કલાક સુધી |
| ન્ટસ 100 યુનિટ્સ/મિલિ (ઇન્સ્યુલિન ગ્લાર્જિન) | 2 કલાક | કોઈ સ્પષ્ટ શિખર નહિ | 18થી 24 કલાક સુધી |
| બેસેગ્લર 100 યુનિટ્સ/મિલિ | 2 કલાક | કોઈ સ્પષ્ટ શિખર નહિ | 18થી 24 કલાક સુધી |
| ્જેઓ (ઇન્સ્યુલિન ગ્લાર્જિન 300 યુનિટ્સ/મિલિ) | 6 કલાક | કોઈ સ્પષ્ટ શિખર નહિ | 24 કલાકથી વધારે |
| સિબા (ઇન્સ્યુલિન ડેગ્લુડેક) કે જે 2 સાંદ્રતાઓમાં ઉપલબ્ધ : 200 યુનિટ્સ/મિલિ અને 100 યુનિટ્સ/મિલિ | 30થી 90 મિનિટ | કોઈ સ્પષ્ટ શિખર નહિ | 42 કલાક |
| લ્ટોફી = બેસલ ઇન્સ્યુલિન અને GLP1 ઇન્સ્યુલિન ડેગ્લુડેક/લાઇરેગ્લુટાઇડ) | 30થી 90 મિનિટ | કોઈ સ્પષ્ટ શિખર નહિ | 42 કલાક |

ઍનાલૉગ મિશ્રણો ઝડપથી કાર્ય કરે છે; તે સામાન્ય રીતે દિવસમાં બે વખત આપવામાં આવે છે અને ભોજનની 5થી 15 મિનિટ પહેલાં ઇન્જેક્શનથી લેવામાં આવે છે. જોકે, કેટલાક લોકો ખોરાક સાથે કે ખાધા બાદ ઇન્જેક્શન લેવાનું પસંદ કરે છે.




ઇન્સ્યુલિન અને ઇન્સ્યુલિન પૅનો વિશે વધુ માહિતી માટે નીચેની લિંક પર જાઓ,

https://shop.diabetes.org.uk/usr/downloads/UpdateMedsKit17_shop2.pdf